*લાંચ રુશ્વત વિરોધી પગલાં*
*પ્રોસીક્યુશનમાં થતી ઢીલ.*

**ગુજરાત રાજ્ય**

**ગૃહ ખાતું**

પરિપત્ર ક્રમાંક-એસીબી/૨૫૬૫/૩૯૮૧/હ,
સચિવાલય, અમદાવાદ-૧૫, તા. ૧૮મી નવેમ્બર, ૧૯૬૫.

**પરિપત્ર**

સરકારશ્રીના ધ્યાન પર લાવવામાં આવ્યું છે કે લાંચ રુશ્વત વિરોધી ખાતા તરફથી પ્રોસીક્યુશનની મંજૂરી માટેની દરખાસ્તોમાં મંજૂરી આપવામાં કેટલાક કિસ્સામાં ઘણો વિલંબ થાય છે. લાંચ રુશ્વતના છટકાના કિસ્સાઓમાં બીજા પ્રકારના કિસ્સાઓ કરતાં હકીકત વધારે સ્પષ્ટ હોય છે. વળી આવા કિસ્સા બન્યા પછી લાંબી મુદત સુધી તે કોર્ટમાં રજૂ ન થાય તો તેમાં વખત જતાં પંચો ફરી જવા વગેરેની શક્યતા વધતાં કેસ નિષ્ફળ જવાની ધાસ્તી વધારે રહે છે.

આથી નક્કી કરવામાં આવે છે કે જ્યાં જ્યાં પ્રોસીક્યુશનની મંજૂરીની માંગણીની દરખાસ્તો સચિવાલયના લાગતા વળગતા ખાતામાં કે તેવી મંજૂરી આપવાની સત્તા ધરાવતા અધિકારી પાસે આવે ત્યારે તાત્કાલિક અગર તો મોડામાં મોડા બે મહિનામાં તેવી મંજૂરી અપાઈ જાય. લાંચ રુશ્વત વિરોધી ખાતું જ્યારે છટકાની હકીકત બને ત્યારે તરત જ પ્રોસીક્યુશનની મંજૂરી માટે કોણ સત્તા ધરાવે છે, તે તપાસ કરી નક્કી કરી તકેદારી પંચના કાર્યક્ષેત્ર અને બંધારણને લગતા તા. ૧૭-૪-૬૪ના સરકારી ઠરાવ સામાન્ય વહીવટ વિભાગ ક્રમાંકઃ એસવીસી/૧૦૬૪-જી ના ફકરા ૪(૫) અને (૬) મુજબની કાર્યવાહી મુજબ આગળની કાર્યવાહી હાથ ધરે. આમ કરતી વખતે લાંચ રુશ્વત વિરોધી ખાતાએ તેમની દરખાસ્ત સાથે મંજૂરી આપતો કાચો મુસદ્દો કાયદા ખાતાના તા. ૨૭-૫-૬૫ના સરકારી પરિપત્ર ક્રમાંક : ૧૧૪૪૪/એના સુચન મુજબ ઘડી સત્તા ધરાવતા અધિકારીની સરળતા માટે મોકલવો. પ્રોસીક્યુશનની મંજૂરી મળી ગયે સઘળી કાર્યવાહી પૂરી કરી એક માસમાં કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરવું જોઈએ એમ પણ આથી નક્કી કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**ટી. કે. જયરામન**
સરકારના નાયબ સચિવ